# 21. કમાડે ચીતર્યા મેં...



**તુષાર શુક્લ**

**જન્મ : 29-6-1955**

કવિ તુષાર દુર્ગેશ શુક્લ અમદાવાદના વતની છે. તેઓ આકાશવાણી-રેડિયો સાથે જોડાયેલા હતા. રંગભૂમિ, સિનેમા તથા અખબાર દ્વારા પ્રત્યાયન-કાર્યમાં વ્યસ્ત છે. ‘તારી હથેળી’, ‘પૂછીને થાય નહિ પ્રેમ’, ‘મારો વરસાદ’ તેમના જાણીતા કાવ્યસંગ્રહો છે.

આ ગીતરચનામાં ગામડાનાં ઘરનાં પ્રતીકોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. લાભ-શુભથી લઈને તાંબાનું તરભાણું, તોરણિયાં, સાથિયા, ઉંબરો જેવાં આપણે ત્યાં લુપ્ત થવા લાગેલાં પ્રતીકોની સાથેનું ગૃહિણીનું સંવેદન આકર્ષક રીતે પ્રગટ થયું છે. ગીતની પરાકાષ્ઠાએ મુકાયેલા શબ્દો ‘સંબંધાવું તો છે મ્હેક - મ્હેક થાવું’ સાથે જ ગીત ઊંચાં શિખરો સર કરે છે. અંતે તો માનવીને સુખની પ્રતીક્ષા હંમેશ રહી છે. શુભ અને લાભની પણ અપેક્ષા રહી છે.





કમાડે ચીતર્યા મેં લાભ અને શુભ
અને આલેખ્યા શ્રી સવા પાને
સુખ આવશે અમારે સરનામે.

તાંબાના તરભાણે કંકુ લીધું
ને એમાં આચમની પાણીની ઢોળી
જમણા તે હાથ તણી આંગળીએ હેત દઈ
હળવે હળવેથી રહી ઘોળી
સ્નેહ તણા સાથિયા જ્યાં આંખે અંજાયા
સુખ આવશે અમારે સરનામે.

અવસરના તોરણિયા લીલું હસે
ને કહે : હૈયામાં હેત ભરી આવો
લાખેણી લાગણીઓ લ્હેરાતી જાય
કહે : લૂંટી લ્યો વ્હાલ ભર્યો લ્હાવો
મરજાદી ઉંબરાને ઠેસે વટાવતીક
દોડી આવી છું, હું જ સામે સુખ આવશે અમારે સરનામે.

નાનું શું આયખું, ને મોટેરી આશા
એમાં થઈ જાતી કેટલીય ભૂલ
ખીલવા ને ખરવાની વચ્ચે
જીવતાં જાણે છે આ ફૂલ
સંબંધાવું તો છે મ્હેક મ્હેક થાવું
એને મુલાવી શકાય નહીં આમે
સુખ આવશે અમારે સરનામે

## ● ટિપ્પણ

**કમાડ** બારણું **આલેખ્યા** દોર્યા, ચીતર્યા **સાથિયો** 卐 મંગળસૂચક આકૃતિ, સ્વસ્તિક **અવસર** પ્રસંગ, તક, લાગ, સમય, વખત **મરજાદી** મર્યાદાવાળું, સભ્યતા, અદબ **ઊંબરો** બે બારણાં વચ્ચેની ભોંયતળિયાની ઊપસતી જગ્યા **આયખું** આવરદા **આચમની** આચમન કરવા માટેની ચમચી **તોરણ** શોભા માટે વપરાતો પાન વગેરેનો હાર **ઘોળવું** ઓગાળવું. **તરભાણું** ધર્મવિધિમાં વપરાતી તાંબાની તાસક

## ● ભાષાસજ્જતા

**નીચેનાં વાક્યો વાંચો :**

1. **નવરાત્રિ** મારો ગમતો તહેવાર છે.
2. એવું કહેવાય છે કે સહદેવને **ત્રિલોક**નું જ્ઞાન હતું.
3. શાળાનો નવો ઓરડો **અષ્ટકોણીય** છે.

ઉપરનાં વાક્યોમાં ઘાટા શબ્દો 'નવરાત્રિ', 'ત્રિલોક' અને 'અષ્ટકોણીય' છે. આ શબ્દોની કઈ તમે વિશેષતા નોંધી ? પ્રથમ શબ્દમાં 'નવ', બીજા શબ્દમાં 'ત્રણ' અને ત્રીજા શબ્દોમાં 'આઠ' આવી સંખ્યાઓ છે. બે પદોના બનેલા દરેક શબ્દમાં પૂર્વપદ સંખ્યા સૂચવે છે, જ્યારે ઉત્તરપદ સમૂહના અર્થનું સૂચન કરે છે. આમ, અહીં દ્વિગુ સમાસ બને છે.

## ● અભ્યાસ

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :**

1. કવિએ કમાડે શું - શું ચીતર્યું છે ? શા માટે ?
2. 'અવસરનાં તોરણિયાં' દ્વારા કવિ શું કહે છે ?
3. ઊંબરાને કેવો કહ્યો છે ? શા માટે ?

4. કવિના મતે શું મૂલવી શકાય તેમ નથી ?

5. આ કાવ્યને અન્ય કોઈ શીર્ષક આપો.

**2.** 'સુખ આવશે અમારે સરનામે' માટે તમે કવિની જેમ બીજું શું - શું કરી શકો ? તે કહો.

## ● સ્વાધ્યાય

**1.**

1. કાવ્યમાં તમને સૌથી વધુ ગમતા હોય એવા બે શબ્દ લખો અને એ શબ્દો વાપરીને બે વાક્યો બનાવો.
2. નીચે આપવામાં આવેલા ઉદાહરણ મુજબ બીજા પાંચ શબ્દો અંતાક્ષરીની રીતે લખો.

   ઉદાહરણ : અવસર-રમત-તડકો-કોયલ-લખોટી
3. નીચેના શબ્દોનો વાક્યમાં પ્રયોગ કરો.

   તરભાણું, અવસર, આયખું, સરનામું, સાથિયા, ઉંબરો

**2. ઉદાહરણ મુજબ કરો :**

લાભ-લાભાલાભ, લાભદાયી લાભકારી, લાભપ્રદ

શુભ -

**3. નીચેની ખાલી જગ્યાઓ ઉદાહરણ મુજબ પૂર્ણ કરો :**

ગુડી પડવો, ................બીજ, ................ચોથ, ................પાંચમ,

................છઠ, ................સાતમ, ................આઠમ, ................નવમી

................દસમ, ................અગિયારશ, ................બારસ,

................તેરસ, ................ચૌદશ ................પૂનમ

**4. 'સુખ આવશે અમારે સરનામે'**

ઉપરની પંક્તિમાં શબ્દોનો વારાફરતી ક્રમ બદલી પાંચ વાક્યો ફરીથી લખો :

## ● પ્રવૃત્તિ

**1. નીચે આપેલ શબ્દોની ચિઠ્ઠીઓ બનાવી વિદ્યાર્થીઓ શુભ-મંગળભાવ પ્રગટ કરતા શબ્દોને અલગ તારવશે :**

| | | | |
|---|---|---|---|
| મોરપિચ્છ, | અરીસો, | તપેલી, | ઉકરડો, |
| કળશ, | દૂધી, | તુલસી, | લાભ, |
| તોરણ, | નાળિયેર, | ઊંબરો, | શુભ |

- મંગળભાવ સૂચવતા શબ્દોની ચિત્ર-આકૃતિ બનાવવી
- વિવિધ ધર્મોના શુભ પ્રતીકો-શબ્દોની યાદી બનાવો.

**2.** શુભકામનાઓ માટે આપણે શું-શું કરીએ છીએ તેની યાદી કરો.

**3.** શાળાની પ્રાર્થનાસભામાં કઈ-કઈ શુભ-મંગલકારી વસ્તુઓ મૂકો છો ?

**4.** ગામની જાણકાર વ્યક્તિ પાસેથી શુભકામનાઓને લગતા શ્લોકો સાંભળો.

**5.** દ્વિગુસમાસનાં ઉદાહરણો શોધી યાદી બનાવો.

•